गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૪૦૫ वर्गांक

पुस्तकनुं नाम રામરક્ષા સ્તોત્ર

विषय ૫૨ : ૪૧૭

॥ श्री गणेशायनमः ॥

॥ श्रीसीतारामचंद्राभ्यांनमः ॥ अथ श्रीरामरक्षास्तोत्रमंत्रस्य ॥ बुधकौशिक ऋषिः ॥ श्रीसीतारामचंद्रोदेवता ॥ अनुष्टुप्छंदः ॥ सीताशक्तिः ॥ श्री मद्धनूमान् कीलकं ॥ श्रीरामचंद्रप्रीत्यर्थेरामरक्षास्तोत्र मंत्रजपेविनियोगः ध्यानं, ध्यायेदाजानुबाहुंधृतशरधनुषंबद्धपद्मासनस्थं पीतंवासोवसानंनवकमलदलस्पर्द्धिनेत्रंप्रसन्नं ॥ वामांकारूढसीतामुखकमलमिलल्लोचनंनीरदाभंनानालंकारदीप्तंदधतमुरुजटामंडनंरामचंद्रं ॥ १ ॥ इतिध्यानं ॥

॥ श्रीरामरक्षास्तोत्र ॥

રામ રક્ષા સ્તોત્ર ૩૫ મંત્રના, ઋષિ બુધકૌશિક છે, છંદ અનુષ્ટુપ છે, શક્તિ શ્રી સીતા છે, જપ કરવા માટે રામરક્ષા સ્તોત્રનો

અથ ધ્યાન—ગોઠણસુધી જેના લાંબા હાથ છે, ધનુષ બાણ જેણે ધર્યાં છે, બ્રહ્માસન વાળીને જે બેઠા છે. પીળાં વસ્ત્ર જેણે પેહેર્યાં છે, નવાં કમળમાં દળ કરતાં સુંદર જેનાં નેત્ર છે, જે પ્રસન્ન છે, ડાબી કોરે બીરાજેલાં સીતાના મુંખકમળ ઉપર જેનાં નેત્ર પડે છે, મેઘના સરખી જેની કાંતિ છે, અનેક પ્રકારના અલંકારોથી જે શોભેછે અને જે મોટી જટારૂપ આભુષણને ધારણ કરે છે, તે શ્રી રામચંદ્રનું હું ધ્યાન કરૂં છું.

॥ श्रीरामरक्षाप्रारंभः ॥

चरितंरघुनाथस्य शतकोटिप्रविस्तरं ॥
एकंकमक्षरंपुंसां महापातकनाशनं ॥ १ ॥

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સો કરોડના વિસ્તારવાળું છે અને તેનો એકેક અક્ષર માણસોનાં મહા પાપને નાશ કરનારો છે. ૧

ध्यात्वानीलोत्पलश्यामं रामंराजीवलोचनं ॥
जानकीलक्ष्मणोपेतं जटामुकुटमंडितं ॥ २ ॥
धनुर्बाण पाणिनक्तंचरांतकं ॥
जगत्त्रातु माविर्भूतमजंविभुम् ॥३॥
त्प्राज्ञः पापघ्नीं सर्व कामदाम् ॥

કમળના જેવી જેની શ્યામ મુર્તિ છે એવાં
તાજી અને લક્ષ્મણજી સહીત.
સ્કાર સહીત માથા અને ધનુ

એવા રાક્ષસોના કાળરૂપ (નાશ કરનાર) અને જગતનું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જે પ્રગટ થાયછે, જન્મ વગરના અને વ્યાપક એવા શ્રીરામચંદ્રજીનું ધ્યાન ધરીને ડાહ્યા માણસે પાપને ટાળનારી અને સર્વ કામનાને પુરનારી આ રામરક્ષાનો પાઠ કરવો. ॥ ૨ ॥ ૩ ॥

शिरोमेराघवःपातु भालंदशरथात्मजः ॥ ४ ॥
कौशल्येयोदृशौपातु विश्वामित्रप्रियःश्रुती ॥
घ्राणंपातुमखत्राता मुखंसौमित्रिवत्सलः ॥ ५ ॥

રઘુકુળમાં પ્રગટેલા પ્રભુ મારા માથાની રક્ષા કરો, દશરથના પુત્ર મારા કપાળની રક્ષા કરો, કૌશલ્યાના પુત્ર મારી આંખોની રક્ષા કરો વિશ્વામિત્રના પ્યારા મારો બે કાનની રક્ષા કરો; યજ્ઞનું રક્ષણ કરનાર મારી નાસિકાની રક્ષા કરો અને લક્ષ્મણજીના પ્યારા મારા મુખની ક્ષા કરો. ૪ ॥ ૫ ॥

जिव्हांविद्यानिधिःपातु कंठंभरतवंदितः ॥
स्कंधौदिव्यायुधःपातुभुजौभग्नेशकार्मुकः ॥६॥

ના ભંડાર મારી જીભની રક્ષા કરો, ભરતજીએ નમસ્કાર કરેલા મારા કંઠની રક્ષા કરજો, દિવ્ય આયુધને ધારણ કરનારા મારા ખભાની રક્ષા કરજો અને શિવના ધનુષ્યને ભાંગનારા દ મારા ભુજની રક્ષા કરજો. ॥ ૬ ॥

...पतिःपातु हृदयंजामदग्न्यजित् ॥
...ाभिंजांबवदाश्रयः ॥ ७ ॥

સીતાના પતિ રામચંદ્ર મારા હાથની રક્ષા કરજો. પરશુરામને જીતનાર રામચંદ્ર મારા હૃયની રક્ષા કરજો. ખરદૈત્યને મારનારા રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરજો. જાંબુવાનના આશ્રય રૂપ રામચંદ્ર મારી નાભીની રક્ષા કરજો. ॥ ૭ ॥

शुग्रीवेशःकटींपातु सक्थिनीहनुमत्प्रभुः ॥

ऊरूरघूत्तमःपातु रक्षःकुलबिनाशकृत् ॥ ८ ॥

સુગ્રીવના ઇશ્વર રામચંદ્ર મારી કેડની રક્ષા કરજો, હનુમાનના પ્રભુ રામચંદ્ર મારી બે સાથલના મૂળની રક્ષા કરો. રાક્ષસકુળનો નાશ કરનારા અને રઘુકુળમાં ઉત્તમ રામચંદ્ર મારાં બે સાથળની રક્ષા કરો. ॥ ૮ ॥

जानुनीसेतुकृत्पातु जंघेदशमुखांतकः ॥

पादौबिभीक्षण श्रीदः पातुरामोऽखिलंवपुः ।९।

સમુદ્રપર સેતુ બાંધનારા રામચંદ્ર મારા ગોઠણની રક્ષા કરજો. રાવણનો નાશ કરનારા રામચંદ્ર મારી જંઘાની રક્ષા કરજો વિભીષણને સંપત્તિ આપનારા રામચંદ્ર પગની રક્ષા કરો, અને રામચંદ્રજી આખા શરીરની રક્ષા કરો ॥ ૯ ॥

एतांरामबलोपेतां रक्षांयःसूकृतीपठेत् ॥

साचिरायुःसूखीपुत्री विजयीविनयीभवेत् ।१०॥

સકૃત કરનારો જે માણસ આ રામના બળવાળી ર... ... કરે તે લાંબા આયુષ્યવાળો થાય, સુખી થાય, પુત્ર... અને વિનય વાળો થાય ॥ ૧૦ ॥

पातालभूतलव्योम चारिणश्छद्मचारिणः ॥
नद्रष्टुमपिशक्तास्ते रक्षितंरामनामभिः ॥११॥

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઇ હોય તેને પાતાળમાં પૃથ્વી ઉપર અને આકાશમાં ફરનારા દઇત્યો જોવાને પણ સમર્થ થતા નથી, ॥ ૧૧ ॥

रामेतिरामभद्रेति रामचंद्रेतिवास्मरन् ॥
नरोनलिप्यतेपापै र्भुक्तिंमुक्तिंचविंदति ॥१२॥

રામ રામભદ્ર અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે તે માણસ કોઇ દિવસ પાપથી ન લેપાતાં સુખ પામે છે અને મોક્ષને મેળવે છે ॥ ૧૨ ॥

जगज्जैत्रैकमंत्रेण रामनाम्नाभिरक्षितं ॥
यःकंठेधारयेत्तस्य करस्थाःसर्वसिद्धयः ॥१३॥

જગતને જીતનારા એક રામનામના મંત્રથી જેમાં રક્ષા કરવામાં આવી છે એવું આ સ્તોત્ર કોઇ પાઠ કરે તો તેને સિદ્ધિઓ પાસે આવી રહે છે ॥ ૧૩ ॥

वज्रपंजरनामेदं योरामकवचंस्मरेत् ॥
अव्याहताज्ञःसर्वत्र लभतेजयमंगलं ॥१४॥

વજ્ર પિંજર નામના આ રામકવચને જે સંભારે તે અખંડ જ્ઞાનવાળો થાય છે અને સરવ ઠેકાણે વિજયમંગળને મેળવે છે ॥ ૧૪ ॥

[illegible]न्नानूयथास्वप्ने रामरक्षामिमांहरः ॥
[illegible]प्रातः प्रबुद्धोबुधकौशिकः ॥१५॥

શ્રી સદાશીવે જે પ્રમાણે આ રામરક્ષા વિશ્વામિત્ર ૠષિને સ્વપ્નમા આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન્ ૠષિએ સવારમાં જાગીને લખી લીધી છે ॥ ૧૫ ॥

आरामःकल्पवृक्षाणां विरामःसकलापदाम् ।
अभिरामस्त्रिलोकानांरामःश्रीमान्सनःप्रभुः॥१६

સરવ કલ્પવક્ષોના આરામરૂપ સઘળી વીપત્તીઓને દુર કરનારા અને ત્રિલોકીને આનંદ આપનારા શ્રીમાન રામચંદ્રજી અમારા પ્રભુ છે ॥ ૧૬ ॥

तरुणौरूपसंपन्नौसुकुमारौमहाबलौ ॥
पुंडरीकविशालाक्षौचीरकृष्णाजिनांबरौ॥१७॥

જુવાન અવસ્થાવાળા, અતીરૂપવાળા, સુકુમાર શરીરવાળા, મહા બળવાળા કમળ સરખાં વિશાળ નેત્રવાળા, જુના મૃગચર્મ રૂપ વસ્ત્ર ધરનારા. ॥ ૧૭ ॥

फलमूलशिनौदांतौ तापसौब्रह्मचारिणौ ॥
पुत्रौदशरथस्यतौभ्रातरौरामलक्ष्मणौ ॥ १८॥

ફળમૂળ ભક્ષણ કરનારા ઈંદ્રિયોને વશ રાખનારા, તપ કરનારા, બ્રહ્મચર્ય પાળનારા, અને દશરથના પુત્ર એવા આ શ્રી રામ અને લક્ષ્મણ. ॥ ૧૮ ॥

शरण्यौसर्वसत्वानां श्रेष्ठौसर्वधनुष्मताम् ॥
रक्षःकुलनिहंतारौ त्रायेतांनोरघुत्तमौ ॥१९॥

કે જે સર્વે પ્રાણીઓને શરણે જાવા યોગ્ય છે, સરવ ધનુષધા રીઓમાં ઉત્તમ અને રાક્ષસોના કુળનો નાશ કરનારુ છે ઉત્તમ પુરૂષ અમારી રક્ષા કરો, ॥ ૧૯ ॥

आत्तसज्जधनुषाविपुस्पृशावक्षयाशुगनिषंगसंगिनौ ॥ रक्षणायममरामलक्ष्मणावग्रतः पथिसदैवगच्छताम् ॥ २० ॥

સજ્જ કરેલું ધનુષ જેમણે ચડાવ્યું છે એવા બાણનો સ્પર્શ કરનારા અને જેમાં બાણો ખુટે નહીં એવા ભાથાઓ જેને સંગે છે એવા શ્રીરામ લક્ષ્મણ મારૂં રક્ષણ કરવા માટે પ્રથ્વી ઉપર સદૈવ આગળ ચાલજો. ॥ ૨૦ ॥

सन्नद्धःकवचीखड्गी चापबाणधरोयुवा ॥
गच्छन्मनोरथोस्माकंरामःपातुसलक्ष्मणः॥२१॥

નમ્રતાવાળા, કવચ પેહેરેલા. ખડગ ધારણ કરેલા અને ધનુષ બાણ ધરનારા યુવાન શ્રી રામચંદ્ર લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતાં અમારા મનોરથની રક્ષા કરો. ॥ ૨૧ ॥

रामोदाशरथिःशूरोलक्ष्मणानुचरोबली ॥
काकुत्स्थः पुरुषःपूर्णःकौसल्येयोरघूत्तमः॥२२

દશરથ રાજાના પુત્ર શુરવીર. લક્ષ્મણ જેની સેવા કરે છે એવા બળિયા, કકુત્સ્થકુળમાં જન્મેલા પુરૂષ સર્વ કામથી ભરેલા કૌસલ્યાના પુત્ર રઘુકુળમાં ઉત્તમ ॥ ૨૨ ॥

वेदांतवेद्योयज्ञेशःपुराणपुरुषोत्तमः
जानकीवल्लभःश्रीमानप्रमेयपराक्रमः॥२३॥

વેદાંતથી જાણી શકાય એવા યજ્ઞોના ઇશ્વર પુરાણ પુરૂષમાં ... જાનકીના પતી શોભાયમાન જેનું પરાક્રમ જાણી ન શકાય

इत्येतानिजपेन्नित्यं मद्भक्तःश्रद्धयान्वितः॥
अश्वमेधाधिकंपुण्यं संप्राप्नोतिनसंशयः। २४

એ પ્રમાણે એટલા નામ માસ ભક્તે શ્રદ્ધા રાખીને વાંચવાં અથવા પાઠે કરી લેવા તો અશ્વમેધ યજ્ઞ કરવાના પુણ્યથી વધારે પુણ્યને પામે છે તેમાં કાંઇ સંદેહ નથી. ॥ ૨૪ ॥

रामंदूर्वादलश्यामं पद्माक्षंपीतवाससम् ॥
स्तुवंतिनामभिर्दिव्यैर्नतेसंसारिणोनराः।२५।

દુર્વાના દલ જેવા સ્યામવર્ણવાળા કમળના સરખા નેત્રવાળા અને પીળા વસ્ત્ર પેહેરનારા શ્રી રામચંદ્રને જેઓ દીવ્ય નામોથી સ્તુતી કરેછે તે પુરૂષો જન્મમરણને પામતા નથી. ૨૫

रामंलक्ष्मणपूर्वजंरघुवरंसीतापतिसूंदरंकाकुत्स्थं-करुणार्णवंगुणनिधिंविप्रप्रियं धार्मिकम ॥ राजेंद्रंसत्यसिंधुंदशरथतनयंश्यामलंशांतमूर्तिंवंदेलोकाभिरामंरघुकुलतिलकंराघवंरावणारिम् ॥

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણના મોટા ભાઇ છે રઘુકુળમાં ઉત્તમ છે સીતાના પતી છે સુંદર છે કકુત્સ્થકુળમાં ઉત્પન્ન થયા છે, કરૂણાના સમુદ્રરૂપ છે ગુણના ભંડાર રૂપ છે બ્રાહ્મણો જેને પ્રિય છે એવા છે ધર્મ કરનારા છે રાજાઓના અધીપતી છે સાચ્‌ ળા છે દશરથના પુત્ર છે સ્યામ સ્વરૂપ છે શાંતમુરતી

આપનારા છે, રઘુકુળને શોભાવનારા છે, અને રાવણના જે શત્રુ છે એવા રઘુકુળમાં જન્મેલા શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥૨૬॥

रामायरामभद्राय रामचंद्रायवेधसे ॥
रघुनाथायनाथाय सीतायाःपतयेनमः॥२७॥

રઘુકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેના રામચંદ્ર અને રામભદ્ર એવા નામ છે તથા જે વિધાતા રૂપ છે, તેમને નમસ્કાર કરૂં છું. ॥ ૨૭ ॥

श्रीरामरामरघुनंदनरामरामश्रीरामरामभरताग्रजरामराम ॥श्रीरामरामरणकर्कशरामरामश्रीरामरामशरणंभवरामराम ॥ २८ ॥

હે રઘુકુળના વંશમાં થએલા હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે ભરતના મોટાભાઇ, હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે રણસંગ્રામમાં કઠણ જણાતા, હે રામ, હે રામ, હે રામ, હે હે લક્ષ્મીને રમાડનારા હે રામ, હે રામ, હે રામ, હે રામ અમને શરણ આપો. ॥ ૨૮ ॥

श्रीरामचंद्रचरणौमनसास्मरामि श्रीरामचंद्रचरणौवचसागृणामि ॥ श्रीरामचंद्रचरणौशिरसानमामि श्रीरामचद्रचरणौशरणं प्रपद्ये । २९ ।

" રામચંદ્રજીના ચરણને મનવડે સંભારૂંછું, શ્રી રામચંદ્રના ...રે ગાઊંછું, શ્રી રામચંદ્રના ચરણને મસ્તકવડે નમુંછું, " ચરણને હું શરણ થાઉ છું ॥ ૨૯ ॥

मातारामोमत्पितारामचंद्रःस्वामीरामोमत्सखोरा
मचंद्रःसर्वस्वंमेरामचंद्रोदयालुर्नान्यंजानेनजाने.
॥ ३० ॥

મારી માતા શ્રી રામચંદ્ર છે, મારા પિતા શ્રી રામચંદ્ર છે, મારા સ્વામી શ્રી રામચંદ્ર છે, મારા મિત્ર શ્રી રામચંદ્ર છે અને મારૂં સરવસ્વ દયાળુ શ્રી રામચંદ્ર છે. બીજા કોઈને હું માતા, પીતા, સ્વામી, મીત્ર, અને સરવસ્વ જાણતો નથી; સમજતો નથી અને ઓળખતો પણ નથી ॥ ૩૦ ॥

दक्षिणोलक्ष्मणोयस्य वामेचजनकात्मजा ॥
पुरतोमारुतिर्यस्य तंवंदेरघुनंदनम् ॥३१॥

જેની જમણી કોરે શ્રી લક્ષ્મણજી છે, જેની ડાબીકોરે શ્રી જનકનાં પુત્રી શ્રી સીતાજી છે, અને જેની આગળ ચાલનારા શ્રી હનુમાનજી છે તે શ્રી રઘુકુળના કુમાર શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું ॥ ૩૧ ॥

लोकाभिरामंरणरंगधीरंराजीवनेत्रंरघुवंशनाथं॥
कारुण्यरूपंकरुणाकरंतंश्रीरामचंद्रंशरणंप्रपद्ये३२

લોકોને આનંદ આપનારા, રણ સંગ્રામમાં ધીરજ રાખનારા, કમળ સરખાં નેત્રવાળાં રઘુવંશના નાથ, દયાની મૂરતી રૂપ, અને કરુણાથી ભરેલા શ્રી રામચંદ્રને હું શરણે જાઉં છું.

मनोजवंमारुततुल्यवेगंजितेंद्रियं

वातात्मजंवानर यूथमुख्यश्रीरामदूतंशरणंप्रपद्ये ॥ ३३ ॥

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતિવાળા, ઇંદ્રિયોને જીતનારા, બુદ્ધિવાન પુરૂષોમાં વખાણવા યોગ્ય, વાયુના પુત્ર, અને વાનરાઓના યુથના મુખી, એવા શ્રી રામચંદ્રજીના દૂતને (શ્રી હનુમાનજીને) હું શરણે જાઉં છું. ॥ ૩૩ ॥

कुजंतंरामरामेति मधुरंमधुराक्षरं ॥ आरुह्यकविताशाखांवंदेवाल्मीकिकोकिलम । ३४ ।

કવિતા રૂપી શાખા ઉપર બેસીને મીઠાસ ઉપજે એવી રીતે "શ્રી રામ શ્રી રામ" એવી રીતે મધુર અક્ષરથી ઉચ્ચાર કરતા એવા વાલ્મીકરૂપી રૂપ કોકિલને હું નમસ્કાર કરૂં છું ॥ ૩૪ ॥

आपदामपहर्तारंदातारंसर्वसंपदाम् ॥ लोकाभिरामंश्रीरामंभूयोभूयोनमाम्यहम ॥ ३५ ॥

આપત્તિઓનો નાશ કરનારા સર્વ સંપત્તિઓને આપનારા અને લોકને આનંદ આપનારા શ્રી રામચંદ્રજીને વારંવાર હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૫ ॥

भर्जनंभवबीजानांमार्जनंसुखसंपदाम् ॥ तर्जनंयमदूतानांरामरामेतिगर्जनम ॥३६॥

રામ નામના ઉચ્ચાર કરવો તો સંસારના બીજને ભુંજી નાખ... મ મરણના કારણનો નાશ કરનારો) સુખ રૂપ સંપત્તીઓને ... યમના દૂતોને તરછોડી નાંખનારો છે. ॥ ૩૬ ॥

रामोराजमणिःसदाविजयतेरामंरमेशंभजेरामेणा भिहतानिशाचरचमूरामायतस्मनमः॥ रामान्ना- स्तिपरायणंपरतंररामस्य दासोस्म्यहंरामेचितल- यःसदाभवतुमेभोराममामुद्धर ॥ ३७ ॥

રાજાઓમાં મણી સરખા, શ્રી રામચંદ્ર નિરંતર જયને પામેછે. લક્ષ્મીના પતિ રામચંદ્રને હું ભજું છું, જે રામચંદ્રજીએ રાક્ષસોની સેનાને હણી નાંખી તે શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. શ્રી રામ- ચંદ્રજીથી બીજુ કોઇ શરણે જવા યોગ્ય નથી હું શ્રી રામચંદ્રનો દાસ છું શ્રો રામચંદ્રને વિષે સદૈવ મારા ચિતનો લય થજો હે શ્રી રામચંદ્ર મારો ઉધ્ધાર કરો ॥ ૩૭ ॥

रामरामेतिरामेतिरमेराममेमनोरमे ॥
सहस्रनामततुल्यंरामनामवरानने ॥ ३८ ॥

વારંવાર શ્રી રામનું નામ જપતો હું મનોહર રામચંદ્રને વિષે રમુંછું. શ્રેષ્ઠ મુખવાળા હે પાર્વતી; એક રામ નામ અને બીજા હજાર નામ એ બે બરાબર છે. ॥ ૩૮ ॥

इतिश्रीबुधकौशिकविरचितंश्रीरामरक्षास्तोत्रं सं- पूर्णम् ॥ श्रीसीतारामचंद्रार्पणमस्तु ॥

ઇતિ શ્રી બુધકૌશિકે કરેલુ રામરક્ષાસ્ત્રોત્ર સં

॥ अथ नर्मदाष्टक प्रारंभः ॥

श्रीगणेशायनमः॥सबिंदुसिंधुसुस्खलत्तरंगभंग-
रंजितंद्विषत्सु पापजातजातकारिवारिसंयुतम्॥
कृतांतदूतकालभूतभीतिहारिवर्मदेत्वदीयपादपं-
कजं नमामिदेवि नर्मदे॥१॥

મત્યુંનાદૂતના કાલના અને ભૂતનાભયને નાશ કરનારા એવા કવચને આપનારા હે દેવિ નર્મદા ! તમારા ચરણ કમલને હું નમસ્કાર કરૂં છું. જે તમારૂં ચરણકમલ, બિંદુ સહિત સિંધુના ચપળ તરંગોના ભંગથી રંગાયેલું છે અને શત્રૂ રૂપ પાપના સમૂહને નાશ કરનારા જલવડે યુંક્ત છે. ॥૧॥

त्वदंबुलीनदीनमीनदिव्यसंप्रदायकं कलौम-
लौघभारहारि सर्वतीर्थनायकम्॥ सुमच्छकच्छ-
नक्रचक्रचक्रवाकशर्मदेत्वदीयपादपंकजंनमामि
देवि नर्मदे ॥२॥

મોટા મત્સય, કાચબા, જુડ, ચક્ર અને ચક્રવાયજાતના પ્રાણીઓને સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારાં ચરણ કમલને હું [illegible] કરૂંછું. જે તમારૂં ચરણકમલ, તમારા જલમાં લીન થયેલા [illegible] દિવ્યપણું આવનારૂં છે, કલિયુંગમાં મલના ભારને [illegible] સર્વે તીર્થોનું નાયક છે. ॥ ૨ ॥

महागभीरनीरपूरपापधूतभूतलंध्वनत्समस्तपा-
तकारि दारितापदाचलम्॥ जगल्लयेमहाभयेमृ-
कंडुसूनुहर्म्यदे त्वदीयपादपं०॥३॥

મહા ભયંકર જગતના પ્રલયકાળમાં માર્કંડેય રૂષિને હવેલી આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણકમળને હું નમસ્કાર કરૂં છું જે તમારૂં ચરણકમળ, મોટા ગંભીર જળના પૂરથી પૃથ્વીના પાપને કંપાવનારૂં છે, ગર્જના કરતા એવા સર્વપાપોનું શત્રુ રૂપ છે અને આપત્તિરૂપ પર્વતને ફાડી નાખનારૂં છે. ॥ ૩ ॥

गतं तदैव मेभयं त्वदंबुवीक्षितं यदा मृकंडुसुनू-
शौनकासुरारि सेवितसर्वदा ।पुनर्भवाब्धिजन्मजं
भवाब्धिदुखवर्मदे त्वदीयपादपं०॥४॥

આ સંસારરૂપી સમુદ્રના દુઃખમાં કવચને આપનારા હેદેવી નર્મદા ! માર્કંડેયમુની, શૌનકમુની અને દેવતાઓએ સર્વદા સેવેલું તમારૂ જલ જ્યારથી મારા જોવામાં આવ્યું છે ત્યારથીજ ફરીવાર સંસાર સમુદ્રમાં જન્મ પામવાનો મારો ભય નાશ પામ્યો છે, તેથી હું તમારા ચરણ કમલને નમસ્કાર કરૂં છું. ॥ ૪ ॥

अलक्षलक्षकिन्नरामरासुरादिपूजितं सुलक्षनीर-
तीरधीरपक्षिलक्षकूजितम्॥वशिष्टशिष्टपि-
दिकर्दमादिशर्मदे त्वदीयपाद०

વશીષ્ટ અને શ્રેષ્ટ એવા વિપ્પલ્લ વીગેરે મુનીઓને તથા કર્દમ વીગેરે પ્રજાપતીઓને સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણ કમલને હું નમસ્કાર કરૂં છું. જે તમારૂં ચરણકમલ લાખો કીંનર, દેવ અને અસુરાદીકે અલક્ષપણે પૂજેલું અને જેમાં જલ સારી રીતે લક્ષ થાય છે એવા તીર ઉપર રહેલા લાખો ધીરપક્ષીઓએ કૂજીત કરેલું છે ॥ ૫ ॥

सनत्कुमारनाचिकेतकश्यपात्रिषटपदैर्धृतंस्वकी-
यमानसेषु नारदादिषट्पदैः॥ रवींदुरंतिदेवदेव-
राजकर्मशर्मदे त्वदीयपाद०॥६॥

સૂર્ય, ચંદ્ર, રંતીદેવ અને ઇંદ્રના કાર્યમાં સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણકમલને હું નમસ્કાર કરૂં છું જે તમારૂં ચરણકમલ સનત્કુમાર નાચીકેત કસ્યપ અત્રી અને નારદાદીક મુનીરૂપ ભમરાઓએ પોતાના રદયની અંદર નીરંતર ધારણ કરેલું છે ॥૬॥

अलक्षलक्षलक्षपापलक्षसारसायुधं ततस्तुजीवजं
तुतंतुभुक्तिमुक्तिदायकम ॥ विरंचिविष्णुशंकर
स्वकीयधामवर्मदेत्वदीयपाद०॥७॥

બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને પોતાના તેજ રૂપ બખ્તરને આપનાર હે દેવી નર્મદા ! તમારા ચરણકમલને હું નમસ્કાર કરૂં છું
...ણકમળ; ગુપ્ત અને પ્રગટ રીતે કરેલા લાખો પાપ
...ં બલવાન્ આયુધ વાળુ છે અને તેથી જીવ-
...ી અને મૂક્તી આપનારૂં છે. ॥ ૭ ॥

अहोमृतं स्वनं मृतं महेशकेशजाततटेकिरातसूतवाडवेषुपंडिते शठे नटे ॥ दुरंतपापतापहारि सर्वजंतुशर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे ॥८॥

સર્વ પ્રાણીઓને સુખ આપનારા હે દેવી નર્મદા ! તમારા ચરણુ કમલને, હું નમસ્કાર કરૂં છું જે તમારૂં ચરણુકમલ શંકરના કેશમાંથી થયેલા ગંગાજીના તટને વીષે, તેમજ કીરાત ચારણુભાટ, બ્રાહ્મણુ, પંડીત. શઠ અને નટને વીષે પણુ જો મૃત્યુનો શબ્દ સાંભળવામાં આવે તો તેઓના દુરંત પાપ અને તાપને હરનારૂં છે ॥ ૮ ॥

इदंतु नर्मदाष्टकं त्रिकालमेव ये सदा पठंति ते निरंतरं न यांति दुर्गतिंकदा ॥ सुलभ्यदेहदुर्लभं महेशधामगौरवं पुनर्भवा नरा न वैविलोकयंति रौरवम् ॥९॥

જેઓ આ નર્મદાષ્ટકનો ત્રીકાલ નીરંતર પાઠ કરે છે તેઓ કદી પણુ દુર્ગતીને પામતા નથી અને સુલભદેહથી દુર્લભ એવા શંકરના મોટા ધામમાં જાય છે અને ફરીવાર જન્મ લઇને તેઓ રૌરવ નરકને કદી પણુ જોતા નથી. ॥ ૯ ॥

इति श्रीमच्छंकराचार्यविरचितं नर्मदाष्टकस्तोत्रं संपूर्णम् ॥ १३० ॥

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર અતિ નમ્રતા પુર્વક ખ-
બર આપું છું કે મારા તરફથી હાલ થોડા વખતમાં
નીચેની ચોપડી બહાર પડી છ સીતાજીના વીવાહ:
સ્વયંવર મંડપ સાથે એક કવી પાસે બનાવી તૈયાર
કરવામાં આવેલ છે આ સીવાય જાત જાતની ચોપ-
ડીઓ વાર્તા નાટક વિગેરે ધર્મની રામાયણ. યોગ્ય
પશીષ્ટ પંચીકરણ વીગેરે બુકો પ્રાયવટ ચાલતા ધો-
રણની નોટું સીતાજીના મહીના વીગેરે તમામ પુ-
સ્તકો વેપારીને કીફાયત ભાવથી આપીએ છીએ સા-
ટા માટે લેંજારની મુલાકાત લેવી જરૂરની છે તાર
પેડ પત્ર લેવામાં આવશે સહી.

બુકસેલર. ભગવાનદાસ દેવસીભાઇ ઠક્કર.

મુ. ભાવનગર બંદર.

ઠે. ખારનેકરવ, જે.